વડોદરામાં પાણી મુદ્દે અનેક વિસ્તારોમાં ઘમાસાણ: વોર્ડ નં. ૧૩ ના નવાપુરામાં ઉગ્ર રોષ

મહિલા એન્જિનિયર અને કાઉન્સિલરનો ઘેરાવો કરાયો

સ્થાનિકોનો પાલિકા તંત્ર સામે આક્રોશ; 'પહેલા પૂરતું પાણી આપો પછી ગેરકાયદે જોડાણો કાપવા આવજો' કહી રોકડું પરખાવ્યું

ફોન કરીએ ત્યારે કોઈ આવતું નથી અને હવે શોબાજી કરવા આવ્યા છોઃ મહિલા એન્જિનિયરનો ઉઘડો લેતા રહીશો

(પ્રતિનિધિ) વડોદરા તા.7

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોને પૂરતું અને શુદ્ધ પાણી પૂરું પાડવાના મોટા-મોટા દાવાઓ કરવામાં આવી રહ્યા છે, પરંતુ વાસ્તવિક પરિસ્થિતિ તદ્દન અલગ અને પોકળ સાબિત થઈ રહી છે. હાલ સમગ્ર વડોદરા શહેરના અનેક વિસ્તારોમાં પીવાના પાણીની વિકટ સમસ્યાને કારણે હાહાકાર મચ્યો છે. ત્યારે વડોદરાના વોર્ડ નંબર ૧૩ માં આવેલા નવાપુરા વિસ્તારમાં પાણી મુદ્દે ભારે ઘમાસાણ જોવા મળ્યું છે. વિસ્તારના ગોદડિયા વાસ ખાતે પીવાના પાણીની ગંભીર અછતથી કંટાળેલા સ્થાનિક રહીશોએ પાલિકાની ટીમ, અધિકારીઓ અને સ્થાનિક કાઉન્સિલરનો ઉગ્ર ઘેરાવો કરી પોતાનો આક્રોશ ઠાલવ્યો હતો.

મળતી વિગતો અનુસાર, વડોદરા મહાનગરપાલિકાની એક ટીમ વોર્ડ નંબર ૧૩ માં આવેલા નવાપુરાના ગોદડિયા વાસ વિસ્તારમાં પાણીના ગેરકાયદેસર જોડાણો કાપવાની કામગીરી અર્થે પહોંચી હતી. આ ટીમની સાથે વોર્ડ નંબર ૧૩ ના મહિલા એન્જિનિયર હેતલ રૂપાપરા તેમજ સ્થાનિક કાઉન્સિલર શૈલેશ ઠાકોર પણ ઉપસ્થિત રહ્યા હતા. પાલિકાની ટીમ જેવી જ ગેરકાયદે જોડાણો વિરુદ્ધ કાર્યવાહી કરવા માટે આગળ વધી, કે તુરંત જ સ્થાનિક રહીશો, ખાસ કરીને મહિલાઓ મોટી સંખ્યામાં એકત્રિત થઈ ગઈ હતી અને ટીમનો સામનો કર્યો હતો.

સ્થાનિક રહીશોએ પાલિકાના અધિકારીઓ અને કાઉન્સિલરને ઘેરી લઈને સીધું અને રોકડું પરખાવી દીધું હતું. લોકોનો આક્ષેપ છે કે આ વિસ્તારમાં છેલ્લા ઘણા વર્ષોથી પીવાના પાણીની વિકટ સમસ્યા પ્રવર્તી રહી છે અને લોકોને પૂરતું પાણી મળતું નથી. આવી પરિસ્થિતિમાં પાલિકા તંત્ર પહેલા લોકોને પૂરતું અને યોગ્ય પ્રેશરથી પાણી આપવાની વ્યવસ્થા કરે અને ત્યારબાદ જ આ પ્રકારની કોઈ પણ અન્ય કાર્યવાહી કરવા માટે અહીં આવે. નારાજ સ્થાનિકોએ મહિલા એન્જિનિયર હેતલ રૂપાપરાનો પણ જોરદાર ઉધડો લીધો હતો. રહીશોએ ભારે આક્રોશ સાથે જણાવ્યું હતું કે, જ્યારે વિસ્તારમાં પાણીની સમસ્યા હોય અને ફોન કરીને અધિકારીઓને બોલાવવામાં આવે છે ત્યારે કોઈ ફરકતું પણ નથી, અને હવે માત્ર શોબાજી કરવા માટે પાલિકાની આખી ટીમ અહીં દોડી આવી છે. ઉલ્લેખનીય છે કે, માત્ર વોર્ડ નંબર ૧૩ જ નહીં, પરંતુ સમગ્ર વડોદરા શહેરના અનેક વિસ્તારોમાં પાણીની એવી પરિસ્થિતિ સર્જાઈ છે કે આજે પણ તંત્ર દ્વારા ટેન્કરો મારફતે પાણી પહોંચાડવાની નોબત આવી છે.

પાદરા : મુવાલના ખેતરમાં યુવકનો ડીકોમ્પોઝ હાલતમાં મૃતદેહ મળ્યો

મૃતદેહ ત્રણથી ચાર દિવસ જૂનો હોવાની આશંકા, પીએમ રિપોર્ટ બાદ મોતનું સાચું કારણ બહાર આવશે

(પ્રતિનિધિ) વડોદરા, તા. 7

પાદરા તાલુકાના મુવાલ ગામમાં આવેલા એક ખેતરમાં યુવકનો ડીકોમ્પોઝ થયેલી હાલતમાં મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. ખેતરમાં પાક કાપવા ગયેલા ખેડૂતને મૃતદેહ નજરે પડતા તેમણે તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. પોલીસે મૃતદેહને કબજે લઈને પોસ્ટમોર્ટમ માટે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

પાદરા તાલુકાના મુવાલ ગામમાં આવેલા ખેતરમાંથી એક યુવકનો સડી ગયેલી હાલતમાં મૃતદેહ મળી આવતા સ્થાનિકોમાં ભારે ચકચાર ફેલાઈ ગઈ હતી. પ્રાપ્ત વિગતો અનુસાર ખેતરમાં ઉગાડવામાં આવેલા સૂંઢિયાના પાકને કાપવા માટે ખેડૂત ખેતરમાં ગયા હતા, ત્યારે તેમને ખેતરના એક ખૂણામાં મૃતદેહ પડ્યો હોવાનું જણાયું હતું. મૃતદેહમાંથી ભારે દુર્ગંધ આવતી હોવાથી ઘટનાની જાણ તાત્કાલિક વડુ પોલીસને કરવામાં આવી હતી.

બનાવની જાણ થતાં વડુ પોલીસ સ્ટેશનના પીઆઈ સહિતનો પોલીસ કાફલો સ્થળ પર દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે મૃતદેહને ખેતરમાંથી બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. પ્રાથમિક તપાસમાં મૃતદેહ અંદાજે ત્રણથી ચાર દિવસથી ખેતરમાં પડ્યો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છેજેના કારણે તે ડીકોમ્પોઝ થઈ ગયો હતો.

એનિમલ વેલ્ફેર સંસ્થા અને પોલીસની સંયુક્ત રેડમાં માંસનો જથ્થો તથા સાધનો જપ્ત

સમા સંજયનગરમાં ગેરકાયદે ચાલતા ભૂંડના કતલખાના પર દરોડો

FSL તપાસ શરૂ, સ્થળ પરથી એક વ્યક્તિ ઝડપાતા ગેરકાયદે નેટવર્ક અંગે તપાસ તેજ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 7:

વડોદરા શહેરના સમા વિસ્તારના સંજયનગરમાં ગેરકાયદે રીતે ચાલી રહેલા ભૂંડના કતલખાના પર રવિવારે દર્શના એનિમલ વેલ્ફેર સંસ્થાના કાર્યકરો અને સ્થાનિક પોલીસની ટીમે સંયુક્ત દરોડો પાડી મોટી કાર્યવાહી હાથ ધરી હતી. દરોડા દરમિયાન બે દુકાનોમાંથી મોટી માત્રામાં ભૂંડનું માંસ, કતલ માટે ઉપયોગમાં લેવાતા સાધનો અને અન્ય સામગ્રી મળી આવી હતી. પોલીસે સ્થળ પરથી એક વ્યક્તિને ઝડપી લઈ વધુ પૂછપરછ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ, અમદાવાદ સ્થિત દર્શના એનિમલ વેલ્ફેર સંસ્થાને સમા સંજયનગર વિસ્તારમાં ગેરકાયદે રીતે ભૂંડનું કતલ કરી તેનું માંસ વેચવામાં આવતું હોવાની બાતમી મળી હતી. આ માહિતીના આધારે સંસ્થાના કાર્યકરોએ સ્થાનિક પોલીસનો સંપર્ક કરી સંયુક્ત દરોડાની યોજના બનાવી હતી. રેડ દરમિયાન બે દુકાનોમાં ગેરકાયદે રીતે ભૂંડનું કટીંગ અને માંસનું વેચાણ થતું હોવાનું સામે આવ્યું હતું.

કાર્યવાહી દરમિયાન સ્થળ પરથી મોટી માત્રામાં સંગ્રહ કરાયેલો માંસનો જથ્થો, કતલ માટે વપરાતા ધારદાર હથિયારો અને અન્ય સામગ્રી જપ્ત કરવામાં આવી હતી. પોલીસને સ્થળ પરથી એક વ્યક્તિ મળી આવતા તેની અટકાયત કરી પૂછપરછ હાથ ધરવામાં આવી છે.

કબજે કરાયેલા માંસની ગુણવત્તા તેમજ તે કયા પ્રાણીનું છે તેની ચોક્કસ ઓળખ માટે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL)ની મદદ લેવામાં આવી છે. નમૂનાઓ તપાસ માટે મોકલવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

પોલીસે સમગ્ર મામલે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. સાથે જ ગેરકાયદે કતલખાનાના સંચાલન અને માંસના વેપાર સાથે સંકળાયેલા અન્ય વ્યક્તિઓની ભૂમિકા અંગે પણ તપાસનો દોર શરૂ કરવામાં આવ્યો છે. શહેરમાં ગેરકાયદે કતલખાનાઓ સામે આગામી સમયમાં વધુ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ઇજાગ્રસ્તો લોહીલુહાણ હાલતમાં હોસ્પિટલ ખસેડાયા

વૃંદાવન ચાર રસ્તા પાસે મોડી રાત્રે કાર-બાઈક વચ્ચે પ્રચંડ અકસ્માત

સૂમસામ રસ્તે પૂરપાટ ઝડપે દોડતી કારે બાઈકને લીધું અડફેટે; મોડી રાત્રે બેફામ ડ્રાઈવિંગ કરતા નબીરાઓ સામે કડક કાર્યવાહી કરવા સ્થાનિકોમાં ઉગ્ર રોષ

(પ્રતિનિધિ) વડોદરા તા.7

શહેરમાં રાત્રિના સમયે બેફામ ગતિએ વાહનો હંકારવાના કારણે થતા અકસ્માતોનો સિલસિલો યથાવત રહ્યો છે. ગત મોડી રાત્રે વડોદરાના વાઘોડિયા રોડ પર આવેલા વ્યસ્ત એવા વૃંદાવન ચાર રસ્તા પાસે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં એક સફેદ રંગની લક્ઝુરિયસ કાર અને મોટરસાઈકલ વચ્ચે એટલી જોરદાર ટક્કર થઈ હતી કે બંને વાહનોનો કુરચો બોલી ગયો હતો. અકસ્માતના પગલે આસપાસના સ્થાનિકો અને રાહદારીઓ મોટી સંખ્યામાં ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સ્થાનિક સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, મોડી રાત્રે જ્યારે રસ્તાઓ પ્રમાણમાં સૂમસામ હતા, ત્યારે પૂરપાટ ઝડપે આવી રહેલી કારે બાઈક સવારને અડફેટે લીધો હતો. ટક્કર એટલી પ્રચંડ હતી કે બાઈક રોડની સાઈડમાં આવેલી ગ્રીનરીમાં ફગાઈ ગયું હતું અને કારનો આગળનો આખો હિસ્સો કચડાઈ ગયો હતો.

અકસ્માતનો અવાજ સાંભળીને નજીકના ઘરો અને દુકાનોમાંથી લોકો દોડી આવ્યા હતા. આ ઘટનામાં બાઈક ચાલક સહિત કારમાં સવાર લોકોને પણ નાની-મોટી ઈજાઓ પહોંચી હોવાનું સામે આવ્યું છે. ઈજાગ્રસ્તોની હાલત ગંભીર હોવાથી તેમને તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા.

આજવા રોડના બંધ મકાનને 3 વર્ષ બાદ ફરી નિશાન બનાવી તસ્કરોનો હાથફેરો

વર્ષ 2023માં જે રીતના ચોરી થઈ હતી એ જ એમઓથી ચોરોએ અંજામ આપ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.7

વડોદરાના આજવા રોડ સ્થિત ચામુંડાનગર-02 વિસ્તારમાં આવેલા એક મકાનમાં તસ્કરોએ બંધ ઘરનો લાભ લઈ ચોરીને અંજામ આપ્યો હતો. પરિવાર ચોટીલા ખાતે દર્શન કરવા ગયો હતો તે દરમિયાન અજાણ્યા ચોરોએ મકાનના લોખંડ અને લાકડાના દરવાજાના તાળા તોડી ઘરમાં પ્રવેશ કરી સોનાની વીંટીઓ, નેકલેસ તેમજ રોકડ રકમ સહિત રૂ.40 હજારની મતા ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

આજવા રોડ સ્થિત ચામુંડાનગર-02 વિસ્તારમાં આવેલા મકાનમાં રહેતા સ્નેહલકુમાર નટવરભાઈ રાજ જે હાલમાં સુરત ખાતે નોકરી કરે છે, તેઓ 29 મેના રોજ વડોદરા ખાતે પોતાના ઘરે આવ્યા હતા. ત્યારબાદ તેઓ ગોત્રી ખાતે સાસરીમાં રોકાયા હતા. દરમિયાન તેમના માતા-પિતા 30 મેની રાત્રે ચોટીલા ખાતે માતાજીના દર્શન માટે ગયા હતા.

31 મેના રોજ બપોરે ઘરે પરત ફરતા મકાનનો દરવાજો તૂટેલી હાલતમાં જોવા મળ્યો હતો.ઘરમાં પ્રવેશ કરતાં તમામ સામાન વેરવિખેર હાલતમાં જોવા મળ્યો હતો. તપાસ કરતાં બેડરૂમની તિજોરીમાંથી સોનાની બે વીંટીઓ તથા બગસરાનો નેકલેસ ગાયબ હોવાનું જાણવા મળ્યું હતું. ઉપરાંત ઘર સાથે સંકળાયેલી પ્રોવિઝન સ્ટોરની દુકાનના ગલ્લામાંથી રૂ.17 હજાર રોકડા, રૂ.7 હજારના સિક્કા તેમજ અન્ય ચલણી સિક્કા મળી રૂ.25 હજારની રોકડ રકમ પણ ચોરાઈ ગઈ હતી. અજાણ્યા તસ્કરોએ 30 મેની રાત્રિથી 31 મેના બપોર દરમિયાન કોઈપણ સમયે મકાનના દરવાજાના નકૂચા અને તાળા તોડી ચોરીને અંજામ આપ્યો હોવાનું જણાવાયું છે.

"ખુરશી મોટી, તૈયારી નાની; પ્રથમ સ્ટેન્ડિંગમાં જ ચેરમેન શરણાગતિના મૂડમાં"

વડોદરા પાલિકાની નવી સ્ટેન્ડિંગ કમિટીની પ્રથમ બેઠકમાં એક અનોખું દ્રશ્ય જોવા મળ્યું. સામાન્ય રીતે ચેરપર્સન બેઠકનું નેતૃત્વ કરે, નિર્ણયો અંગે સ્પષ્ટતા આપે અને મીડિયાના પ્રશ્નોનો આત્મવિશ્વાસથી સામનો કરે એવી અપેક્ષા હોય છે. પરંતુ અહીં તો જાણે "ઓપન બુક ટેસ્ટ" માટે પણ ચીટશીટ જરૂરી હોય એવી સ્થિતિ સર્જાઈ હતી.

ગુજરાતમિત્ર વડોદરાની ગપસપ

બેઠક દરમિયાન ચેરપર્સનશ્રીની ભૂમિકા એવી લાગી કે જાણે કોઈએ સ્ક્રિપ્ટ લખી આપી હોય અને તેમનું કામ માત્ર તેને વાંચવાનું જ હોય. સ્વતંત્ર અભિપ્રાય કે મુદ્દાની સમજણ કરતાં લખાણના શબ્દો સાચા ઉચ્ચારાય તેની ચિંતા વધુ દેખાતી હતી. કમિટીના કેટલાક સભ્યો પણ એકબીજા તરફ જોઈને કદાચ વિચારતા હશે કે, "આપણે બેઠકમાં આવ્યા છીએ કે રિહર્સલમાં?"

બેઠક પૂર્ણ થયા બાદ પત્રકારોએ જ્યારે સામાન્ય પ્રશ્નો પૂછવાનું શરૂ કર્યું ત્યારે ચેરપર્સનશ્રીનો આત્મવિશ્વાસ જાણે સ્ટેન્ડિંગ કમિટીની બહાર જ રહી ગયો હોય તેમ લાગ્યું. કેમેરા સામે તેમના પ્રથમ શબ્દો હતા - "હું હજી નવી છું, અઘરા સવાલ ન પૂછતા!"

આ નિવેદન સાંભળીને ઘણા લોકોને નવાઈ લાગી. કારણ કે સામાન્ય રીતે નવી જવાબદારી સ્વીકારનાર વ્યક્તિ કહે કે "હું શીખી રહી છું અને તમામ પ્રશ્નોના જવાબ આપવા તૈયાર છું." પરંતુ અહીં તો જાણે પહેલેથી જ "ડિસ્ક્લેમર" જાહેર કરી દેવામાં આવ્યો હોય કે કૃપા કરીને જ્ઞાનની પરીક્ષા ન લેતા!

હવે શહેરમાં ચર્ચા એ નથી કે ચેરપર્સન કોણ બન્યા, ચર્ચા એ છે કે ચેરપર્સનશ્રીને પોતાના હોદ્દાની જવાબદારીઓ વિશે કેટલી જાણકારી છે. કરોડો રૂપિયાના વિકાસકામો, મહત્વના નીતિગત નિર્ણયો અને નાગરિકોના પ્રશ્નોનો ઉકેલ લાવવાની જવાબદારી ધરાવતા પદ પર બેઠેલી વ્યક્તિ જો પત્રકારોના બે-ચાર પ્રશ્નોથી જ ગભરાઈ જાય, તો પછી જનતાના અઘરા પ્રશ્નોનો સામનો કોણ કરશે?

પાલિકાના ગલિયારાઓમાં હવે મજાકમાં એવી ચર્ચા ચાલી રહી છે કે આગામી બેઠક પહેલાં કદાચ પત્રકારોને પ્રશ્નોની યાદી અગાઉથી સોંપવાની સૂચના આપવામાં આવે, જેથી જવાબોનું ડ્રાફ્ટિંગ સમયસર થઈ શકે!

આ ઘટનાએ ફરી એકવાર એ જૂનો સવાલ જીવંત કરી દીધો છે કે રાજકીય ગોઠવણોથી પદ તો મળી જાય, શહેરના કરોડોના કામો કરવાની ક્ષમતા અને નિર્ણયની શક્તિ કેવી રીતે આવશે? પરંતુ ખુરશીને ન્યાય આપવો એ જ ખરેખર કસોટી હોય છે.

"ખાખી કે કઠપૂતળી? બુટલેગરના રિમોટથી ચાલે છે વહીવટદાર!"

વડોદરા શહેરમાં આજકાલ એક નવી જ ચર્ચાએ જોર પકડ્યું છે. કહેવાય છે કે કેટલાક વહીવટદારો અને બુટલેગરો વચ્ચે એટલી આત્મીયતા વધી ગઈ છે કે હવે બંને વચ્ચે ઓળખાણ માટે વર્દી અને દારૂની પેટી સિવાય બીજો કોઈ ફરક શોધવો મુશ્કેલ બની ગયો છે. શહેરના ગલિયારાઓમાં તો એવી પણ ટીખળ થઈ રહી છે કે કેટલાક વહીવટદારોની પોસ્ટિંગ પોલીસ ભવન નહીં, પણ સીધી બુટલેગરોની 'કન્સલ્ટિંગ કમિટી'માંથી થાય છે!

તાજેતરમાં બે બુટલેગરો વચ્ચે વર્ચસ્વની જંગ જામતાં એક બુટલેગરે કથિત રીતે 'મોટા પેકેજ'ની ઓફર કરી દીધી. ત્યારબાદ જાણે કાયદાની ગાડીમાં અચાનક પેટ્રોલ ભરાઈ ગયું હોય તેમ એક પ્રતિસ્પર્ધી બુટલેગર સામે કાર્યવાહીનો દોર શરૂ થઈ ગયો. ચર્ચા તો એવી પણ છે કે આખી સ્ક્રિપ્ટ પહેલેથી લખાઈ ગઈ હતી, માત્ર પોલીસ સ્ટેશનમાં તેનો ક્લાઈમેક્સ શૂટ થવાનો બાકી હતો!

શહેરના લોકો હવે મજાકમાં પૂછવા લાગ્યા છે કે પોલીસ સ્ટેશનમાં FIR નોંધાય છે કે પછી 'હપ્તા રસીદ'ના આધારે કાર્યવાહીનું મેનૂ નક્કી થાય છે? જો કાયદાનો અમલ ખરેખર રૂપિયા અને ઓળખાણના વજનથી થતો હોય, તો પછી પોલીસ મેન્યુઅલની જગ્યાએ 'બુટલેગર ગાઈડબુક' જ છાપી દેવી વધુ અનુકૂળ રહે.

ખાખી વર્દી એક સમયે શિસ્ત, નિષ્ઠા અને વિશ્વાસનું પ્રતિક ગણાતી હતી. પરંતુ જો ચર્ચાઓ સાચી માનીએ તો હવે કેટલાક લોકો માટે ખાખીનો અર્થ 'હપ્તા મેનેજમેન્ટ સર્વિસ' બની ગયો હોય એવું લાગે છે. દારૂના અડ્ડાઓ વચ્ચે કાયદો ક્યાંક ખોવાઈ ગયો છે અને વહીવટદાર કોના ઈશારે નાચે છે તે જ લોકો માટે મોટો સવાલ બની ગયો છે.

હવે નજર ઉચ્ચ અધિકારીઓ પર છે. તેઓ આ ચર્ચાઓને માત્ર અફવા ગણીને અવગણશે કે પછી ખાખીની આબરૂ બચાવવા માટે કોઈ કડક પગલાં લેશે? કારણ કે શહેરમાં તો હાલ એક જ ચર્ચા છે - "દારૂનો ધંધો કોણ ચલાવે છે એ પછીનો મુદ્દો છે, પહેલા એ જાણવું જરૂરી છે કે રિમોટ કોના હાથમાં છે!"

"વુડા ભવન કે 'વાયદા ભવન'? ફાઈલોની સ્પીડ કાચબાથી પણ ધીમી, નાગરિકોની ધીરજનો રોજ ટેસ્ટ

વડોદરા શહેરના વિકાસ અને આયોજન માટે જવાબદાર વુડા (VUDA) ઓફિસ આજે ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં છે. જોકે આ ચર્ચા કોઈ નવા વિકાસ પ્રોજેક્ટ કે ઝડપી કામગીરીને લઈને નથી, પરંતુ ઓફિસની એવી કાર્યશૈલીને લઈને છે જેમાં ફાઈલોના નિકાલની ગતિ જોઈને કાચબો પણ શરમાઈ જાય!

અરજદારોનું કહેવું છે કે વુડા ઓફિસમાં એક કામ માટે જાઓ તો એવું લાગે કે જાણે કોઈ એડવેન્ચર ટ્રિપ પર નીકળ્યા હોઈએ. દર મુલાકાતે નવો અનુભવ મળે છે. ક્યારેક "સાહેબ મીટિંગમાં છે", તો ક્યારેક "ફાઈલ પ્રક્રિયામાં છે", અને જો આ બંને બહાના ખૂટી જાય તો "કાલે આવજો"નો બ્રહ્માસ્ત્ર તો તૈયાર જ હોય છે.

કિશનવાડી અને અણખોલ વિસ્તારના રહેવાસીઓએ પાણી અને પાયાની સુવિધાઓ અંગે અનેક રજૂઆતો કરી હોવા છતાં ઉકેલ હજુ સુધી ફાઈલોના જંગલમાં ક્યાંક ખોવાઈ ગયો હોવાનું જણાય છે. લોકો હવે મજાકમાં કહેવા લાગ્યા છે કે સમસ્યાનું નિરાકરણ મેળવવું સહેલું છે, પરંતુ પહેલા એ સમસ્યા સંબંધિત ફાઈલ શોધવી વધુ અઘરી છે!

ઓનલાઈન સેવાઓ શરૂ થતાં લોકોને આશા હતી કે હવે પ્રક્રિયા ઝડપી બનશે. પરંતુ અહીં તો ટેક્નોલોજીએ પણ વુડાની કાર્યશૈલી અપનાવી લીધી હોય તેમ લાગે છે. "સર્વર ડાઉન છે", "લિંક નથી આવતી", "સિસ્ટમ બંધ છે" જેવા સંદેશાઓ હવે અરજદારો માટે રોજિંદા અભિવાદન સમાન બની ગયા છે.

બીજી તરફ શહેરમાં એવી પણ ચર્ચાઓ છે કે સામાન્ય નાગરિકોની ફાઈલો મહિનાઓ સુધી ધૂળ ખાતી રહે, પરંતુ કેટલાક બિલ્ડરોના પ્રોજેક્ટોની ફાઈલો જાણે 'બુલેટ ટ્રેન'માં મુસાફરી કરતી હોય તેમ ઝડપથી મંજૂરીના સ્ટેશન સુધી પહોંચી જાય છે. આ ચર્ચાઓ કેટલી સાચી છે તે તપાસનો વિષય છે, પરંતુ લોકોના મનમાં ઉઠતા સવાલો ચોક્કસ ગંભીર છે.

વુડા ઓફિસની કામગીરી જોઈને ઘણા લોકો હવે 'વડોદરા અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી'નું નવું ફુલફોર્મ શોધી રહ્યા છે – "વચનો આપો, ડિલે આપો ઓથોરિટી!"

સ્માર્ટ સિટીના મોટા મોટા હોર્ડિંગ્સ અને પ્રેઝન્ટેશનો વચ્ચે નાગરિકોની એક જ માંગ છે કે શહેરને સ્માર્ટ બનાવતા પહેલાં વુડાની ફાઈલોને તો થોડું સ્માર્ટ બનાવો. કારણ કે વિકાસના નકશા કાગળ પર નહીં, પરંતુ સમયસર થતા કામોમાં દેખાય છે. હાલમાં તો લોકોમાં એક જ ચર્ચા છે – "વુડામાં ફાઈલ દાખલ કરવી સરળ છે, પરંતુ તેનો નિર્ણય આવે તે પહેલાં કદાચ નવો માસ્ટર પ્લાન આવી જાય!"

કમાટીબાગ ખાતે 'ગ્રીનેથોન-2026'માં મોટી સંખ્યામાં બરોડિયન્સ ઉમટ્યા

વિશ્વ પર્યાવરણ દિને સંસ્થા 'AID' નો રેકોર્ડબ્રેક પ્રયાસ, 15 લાખ લોકો સુધી જાગૃતિનો સંદેશ પહોંચાડવાનું ભગીરથ લક્ષ્ય, 10,000 થી વધુ મફત રોપાઓનું વિતરણ કરાયું

(પ્રતિનિધિ) વડોદરા. તા.7

વડોદરાને સ્વચ્છ, હરિયાળું અને સ્વાસ્થ્યપ્રદ બનાવવાની દિશામાં વડોદરાવાસીઓએ એક નવો ઈતિહાસ રચ્યો છે. વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે શહેરના ઐતિહાસિક કમાટીબાગ ખાતે યોજાયેલ ગુજરાતના સૌથી મોટા પર્યાવરણ જનજાગૃતિ કાર્યક્રમ 'ગ્રીનેથોન-2026' એ ભવ્ય આકર્ષણ જમાવ્યું હતું. વહેલી સવારે મોર્નિંગ વોકર્સ સહિત શહેરના યુવાનો સહિત મોટી સંખ્યામાં ઉત્સાહી નાગરિકોએ આ ગ્રીનેથોન વોકમાં ભાગ લઈને પર્યાવરણના સંરક્ષણ માટે અનોખો હોંકારો આપ્યો હતો. સ્વૈચ્છિક સંસ્થા ઓલ ઈન ડેવલપમેન્ટ દ્વારા સતત 28માં વર્ષે આ ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રીનેથોનની શરૂઆતમાં કમાટીબાગ ખાતે ઉપસ્થિત હજારો પર્યાવરણ પ્રેમીઓએ વડોદરાને પ્લાસ્ટિક મુક્ત અને હરિયાળું બનાવવા માટેના સામૂહિક શપથ લીધા હતા. હાથમાં પર્યાવરણલક્ષી સ્લોગન, રંગબેરંગી પ્લે-કાર્ડ્સ અને આકર્ષક હોર્ડિંગ્સ સાથે નીકળેલી આ રેલીએ આખા વાતાવરણને પ્રકૃતિમય બનાવી દીધું હતું. આ પ્રસંગે છેલ્લા ઘણા સમયથી પર્યાવરણ ક્ષેત્રે પાયાનું અને નોંધપાત્ર કામ કરી રહેલા શહેરના નાના-મોટા અગ્રણીઓ તેમજ મહાનુભાવોનું વડોદરાના "એન્વાયરમેન્ટ એમ્બેસેડર" તરીકે વિશેષ સન્માન કરીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

યોગેશ પટેલ જેવા મહેનતુ અને પ્રામાણિક માણસ મળવા મુશ્કેલ : મેનકા ગાંધી

યોગેશ પટેલની પ્રાર્થના સભા યોજાઈ : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને મેનકા ગાંધી ઉપસ્થિત રહ્યા

મુખ્યમંત્રીએ શોકગ્રસ્ત પરિવારને સાંત્વના પાઠવી

(પ્રતિનિધિ) વડોદરા તા.7

વડોદરાના નવલખી ગ્રાઉન્ડ ખાતે માંજલપુરના લોકપ્રિય ધારાસભ્ય અને વરિષ્ઠ જનપ્રતિનિધિ સ્વર્ગસ્થ યોગેશ પટેલની પ્રાર્થના સભા યોજાઈ હતી. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે હાજરી આપીને દિવંગત નેતાના ફોટા પર પુષ્પાંજલિ અર્પણ કરી હતી અને પરિવારના સભ્યોને રૂબરૂ મળીને સાંત્વના પાઠવી હતી. પ્રાર્થના સભામાં રમણભાઈ સોલંકી, બાલકૃષ્ણ ભાઈ શુક્લા, જયદ્રથસિંહ પરમાર, કેતન ઈનામદાર, ગોરધનભાઈ ઝડફિયા, સહિત વિવિધ રાજકીય પક્ષોના આગેવાનો, સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ અને મોટી સંખ્યામાં નાગરિકોએ ઉપસ્થિત રહીને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.બીજી તરફ, વડોદરાના રાજકારણના વરિષ્ઠ નેતા અને પૂર્વ મંત્રી યોગેશ પટેલનું ૭૯ વર્ષની વયે હૃદયરોગના હુમલાથી નિધન થતાં શોકગ્રસ્ત પરિવારને મળવા પૂર્વ કેન્દ્રીય મંત્રી મેનકા ગાંધી વડોદરા સ્થિત તેમના નિવાસસ્થાને પહોંચ્યા હતા. તેમણે ૪૫ વર્ષ જૂના ભાઈ-બહેનના સંબંધોની યાદો તાજી કરતા ભારે દુઃખ વ્યક્ત કર્યું હતું. મેનકા ગાંધી દર વર્ષે રક્ષાબંધન પર રાખડી મોકલતા હતા અને સંજય ગાંધીના અવસાનના મુશ્કેલ સમયમાં યોગેશ પટેલ તેમની પડખે ઊભા રહ્યા હતા. તેમણે જણાવ્યું કે યોગેશ પટેલના જવાથી સમગ્ર દેશને મોટી ખોટ પડી છે, કારણ કે તેમના જેવા મહેનતુ અને પ્રામાણિક માણસ મળવા મુશ્કેલ છે.

ત્રણેય મેમન જમાત દ્વારા ભવ્ય ઈનામ વિતરણ સમારોહ યોજાયો

(પ્રતિનિધિ), વડોદરા. તા.7

વર્ષોની પરંપરા મુજબ બાળકોના શિક્ષણ, પ્રોત્સાહન અને ઉજ્જવળ ભવિષ્યને ધ્યાનમાં રાખીને વડોદરાની ત્રણેય મેમન જમાતો - મોરબી ટંકારા મેમન જમાત, વડોદરા મેમન જમાત તથા હલાઈ અમરેલી મેમન જમાતના સંયુક્ત ઉપક્રમે વડોદરા શહેરના માંડવી લાડવાડા સ્થિત મેમન હોલ ખાતે ભવ્ય ઈનામ વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત પવિત્ર કુરાનની તિલાવતથી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં શિક્ષણ, રમતગમત તેમજ વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને ઈનામો અને પ્રમાણપત્રો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ઓલ ઈન્ડિયા મેમન જમાત ફેડરેશનના પ્રમુખ ઈકબાલભાઈ ઓફિસર અને શરીફ ભાઈ તેમજ મચ્છીવાલા ની તેમજ સમાજ ના મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ઈકબાલ મેમન,ઓલ ઈન્ડિયા મેમન જમાત ફેડરેશન ના સી ઝોન ના પ્રમુખ સલીમ ભાઈ ચંપલ વાળા પ્રમુખ ગુલામભાઈ દાઉદભાઈ મેમન સહિતના આગેવાનોએ હાજરી આપી હતી.

અખિલ ભારતીય સેવાદળ દ્વારા દશરથ ખાતે શૈક્ષણિક કીટનું વિતરણ

વડોદરા સીટીમાં પણ કોલેજ સુધીના વિદ્યાર્થીઓને ચોપડા વિતરણ, 49 વર્ષથી અવિરત ચાલતી 'બુક બેંક' પ્રવૃત્તિ

(પ્રતિનિધિ), વડોદરા. તા.7

અખિલ ભારતીય સેવાદળ, વડોદરા દ્વારા શિક્ષણને પ્રોત્સાહન આપવાના ઉમદા આશય સાથે તાજેતરમાં વિવિધ શૈક્ષણિક કાર્યક્રમોનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત દશરથ ખાતે આવેલી ગ્રીનસીટી સોસાયટીમાં ગત બુધવારના રોજ સાંજે 6:00 કલાકે એક વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ગામના ધોરણ 5 થી 12 ના 22 જેટલા જરૂરિયાતમંદ બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમ જિલ્લાધિનાયક મંગળભાઈ વાઘેલા અને હેમંતકુમાર પટેલના પ્રેરણાદાયી સાનિધ્યમાં સંપન્ન થયો હતો. આ પ્રસંગે સેવાદળના મહિલા અધિકારી ઈન્દીરાબેન બ્રહ્મભટ્ટ, રીનાબેન પરમાર, સંગઠક ઘનશ્યામભાઈ ગિરી, રાહુલ પરમાર તેમજ વિનોદ પરમાર ખાસ ઉપસ્થિત રહ્યા હતા.